001. જો કોઈ સમઘનની દરેક બાજુની લંબાઈ 50% જેટલી વધારવામાં આવે તો તે સમઘનના ઘનફળમાં કેટલા ટકાનો વધારો થશે?

(A) 327.5% (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 237.5% (D) 273.5%

002. એક બાળકનો પરિચય કરાવતા એક પુરૂષે કહ્યું, "તે મારા પિતાની એકમાત્ર પુત્રીનો પુત્ર છે." તો તે પુરુષ તે બાળકના કોણ થાય?

(A) મામા (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) કાકા (D) દાદા

003. એક વર્તુળની ત્રિજ્યા 14 સેમી હોય તો તેનો પરિઘ કેટલો થશે? ($\pi = 22/7$)

(A) 176 સેમી (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 44 સેમી (D) 88 સેમી

004. એક કાટકોણ ત્રિકોણના કર્ણની લંબાઈ 26 સેમી અને તેની એક બાજુની લંબાઈ 10 સેમી. હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 276 ચો.સેમી. (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 70 ચો.સેમી. (D) 130 ચો.સેમી.

005. 0.000216 નું ઘનમૂળ કેટલું થશે?

(A) 0.66 (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 0.6 (D) 0.06

006. $(256)^{0.16} \times (256)^{0.09} = ?$

(A) 64 (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 16 (D) 32

007. તમામ 2 અંકની બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થશે?

(A) 56 (B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 54 (D) 55

MaruGujarat.in

008. P, Q અને R ભાગીદારીમાં એક વ્યવસાય શરૂ કરે છે, જેમાં તેમનું રોકાણ અનુક્રમે ₹25000, ₹30000 અને ₹35000 છે. જો કુલ નફો ₹18720 હોય તો P ને કેટલા રૂપિયા મળ્યા હશે?

(A) ₹6640
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) ₹6240
(D) ₹6420

009. નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ કેટલો થશે?

5, 9, 10, 6, 9, 8, 12

(A) 9
(B) 10
(C) 8
(D) 8.5

010. નીચે આપેલ આવૃત્તિ વિતરણનો બહુલક કેટલો થશે?

સંખ્યા	7	8	9	10	11	12	13
આવૃત્તિ	30	80	120	150	140	170	90

(A) 10
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) 9
(D) 12

011. J, K અને N એ ત્રણ સગા ભાઈ છે. જો નીચે આપેલ તમામ વિધાનો સત્ય હોય તો ત્રણેય પૈકી સૌથી નાનો ભાઈ કોણ છે?

વિધાનો :
i. K એ N કરતા વયમાં મોટો છે.
ii. J ના જન્મના 3 મહિના પહેલા K નો ત્રીજો જન્મ દિવસ ઉજવાયો હતો.
iii. J અને N વચ્ચે 2 વર્ષનું અંતર છે.

(A) K
(B) માહિતી પર્યાપ્ત નથી.
(C) J
(D) N

012. જો કોઈ વ્યક્તિ પશ્ચિમ દિશા તરફ ચાલવાનું શરૂ કરી પોતાની જમણી તરફ કાટખૂણે વળી જાય છે. તો હવે તે કઈ દિશામાં જઈ રહ્યો હશે?

(A) નૈઋત્ય
(B) ઈશાન
(C) દક્ષિણ
(D) ઉત્તર

013. એક સાંકેતિક ભાષામાં "WALK" નો સંકેત "VBKL" હોય તો "PAWN" નો સંકેત કયો થશે?

(A) OZVM
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) OBXO
(D) OBWO

(નિર્દેશ : 014-015) આપેલા વિધાનો આપેલા પ્રશ્નનો ઉત્તર આપવા પર્યાપ્ત છે કે કેમ તે ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

014. x નું મૂલ્ય કેટલું છે?

વિધાન - 1 : $x + 5 = 12$

વિધાન - 2 : $x > 3$

(A) બન્ને વિધાનો એકસાથે પણ ઉત્તર આપી શકવા પર્યાપ્ત નથી.

(B) ઉત્તર મેળવવા માટે બન્ને વિધાનો આવશ્યક છે.

(C) વિધાન - 1 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(D) વિધાન - 2 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

015. બે વ્યક્તિઓ X અને Y પરસ્પર કયા સંબંધથી જોડાયેલા છે?

વિધાન - 1 : X એ M નો ભાઈ છે. જ્યારે Y એ Z ની ભત્રીજી છે.

વિધાન - 2 : Z એ X ના પિતાના સગા મોટા ભાઈ છે.

(A) બન્ને વિધાનો સાથે પણ ઉત્તર આપી શકતા નથી.

(B) ઉત્તર મેળવવા માટે બન્ને વિધાનો આવશ્યક છે.

(C) વિધાન - 1 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(D) વિધાન - 2 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

016. 343 : 7 :: 1331 : ?

(A) 17

(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 13

(D) 11

017. એક મિશ્રણમાં દૂધ અને પાણી 5 : 9 ના ગુણોત્તરમાં છે. આ મિશ્રણમાં 5 લિટર પાણી ઉમેરવામાં આવે તો દૂધ અને પાણીનો નવો ગુણોત્તર 5 : 11 થાય છે. તો શરૂઆતમાં આ મિશ્રણમાં કેટલું પાણી હશે?

(A) 17.5 લિટર

(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 12.5 લિટર

(D) 22.5 લિટર

018. 36, 75 અને 108 વડે વિભાજ્ય હોય એવી 5 અંકની નાનામાં નાની સંખ્યા કઈ છે?

(A) 10800

(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 10200

(D) 10540

019. પ્રમોદની આજની ઉંમર કૈલાસની આજની ઉંમર કરતાં 10 વર્ષ ઓછી છે. આજથી 5 વર્ષ પહેલા પ્રમોદની તે સમયની ઉંમર અને કૈલાસની તે સમયની ઉંમરનો ગુણોત્તર 3 : 5 હોય તો પ્રમોદની આજની ઉંમર કેટલી હશે?

(A) 25 વર્ષ

(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

(C) 20 વર્ષ

(D) 35 વર્ષ

020. નીચે પૈકી કઈ સંખ્યા વડે સંખ્યા 754853 પૂર્ણ વિભાજ્ય છે?

(A) 1793
(B) 68611
(C) 7
(D) 21

(નિર્દેશ : 021–023) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

એક કુટુંબમાં P, Q, R, S, T, U અને V એમ સાત સભ્યો છે. જે પૈકી ત્રણ સ્ત્રીઓ અને બે વિવાહિત યુગલ છે. કુટુંબનો દરેક સભ્ય અલગ વ્યવસાયમાં છે, જે આ મુજબ છે. સ્થપતિ, શિક્ષક, વકીલ, દાકતર, ઈજનેર, અધિકારી અને સંગીત નિર્દેશક (જે ક્રમાનુસાર હોય તે જરૂરી નથી.)

Q એક વકીલ છે અને તેની પત્ની U એક અધિકારી છે. V એ સ્થપતિનો વ્યવસાય કરે છે. જેનો ભાઈ P છે. R એક અપરિણિત મહિલા દાકતર છે. S એક શિક્ષિકા છે અને V ની બહેન છે. T એ R ના પિતા છે, તેઓ ઈજનેર નથી. U એ V ની માતા છે.

021. આપેલી માહિતીના આધારે નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) P, R અને V એક જ માતાપિતાના સંતાનો છે.
(B) દર્શાવેલ ત્રણેય વિકલ્પો સાચા છે.
(C) P અને Q ભાઈઓ છે.
(D) T સંગીત નિર્દેશક છે.

022. Q અને T વચ્ચે કયો સંબંધ છે?

(A) સસરા-જમાઈ
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) પિતા-પુત્ર
(D) દાદા-પૌત્ર

023. આપેલ કુટુંબમાં ત્રણ સ્ત્રીઓ કોણ છે?

(A) T, S, V
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) U, S, R
(D) P, R, U

024. ΔABC માં, $\angle A = 35^\circ$, $\angle C = 95^\circ$ હોય તો $\angle B = ?$

(A) 45°
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) 50°
(D) 55°

025. ત્રણ મિત્રોની હાલની ઉંમરનો સરવાળો 102 વર્ષ છે. તો આજથી 7 વર્ષ પહેલા તેમની ઉંમરનો સરવાળો તે સમયે કેટલો હશે?

(A) 81 વર્ષ
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) 95 વર્ષ
(D) 91 વર્ષ

026. આનંદ પાસે સરખી સંખ્યામાં 1 રૂપિયો, 2 રૂપિયા અને 5 રૂપિયાના સિક્કા છે. જો તે સિક્કાઓની કુલ કિંમત ₹320 થતી હોય તો તેની પાસે કુલ કેટલા સિક્કા હશે?

(A) 126
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 117
(D) 120

027. 3.2% of 500 × 2.4% of (?) = 288

(A) 750
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 600
(D) 688

028. $(17)^2 + \sqrt{441} + (6)^3 - (8)^2 + 38$ નું મૂલ્ય કેટલું થશે?

(A) 282
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 226
(D) 228

029. ________ copies of documents are still to be submitted.

(A) Much
(B) Little
(C) Few
(D) A few

030. Do you know the reason ________ his absence?

(A) on
(B) in
(C) of
(D) for

031. He caught dengue ________ he was working on a construction site.

(A) by the time
(B) as soon as
(C) while
(D) during

032. The kids performed ________ before a large audience.

(A) enthusiastic
(B) enthusiastically
(C) enthuse
(D) enthusiasm

033. My college is farther than ________ .

(A) hers
(B) her's
(C) she
(D) her

034. Select the correct meaning of *'go off at a tangent'*

(A) praise himself
(B) speak truth without fear
(C) change the subject immediately
(D) praise others

035. Choose the synonym of 'lethargic'.
(A) animated (B) vigorous
(C) tired (D) courageous

036. Choose the correct antonym of 'adorable.'
(A) hateful (B) engaging
(C) charming (D) gorgeous

037. Choose the correct one-word substitution of *'a small shelter for a dog.'*
(A) Kennel (B) Ledge
(C) Shelf (D) Canal

038. Choose the correct one-word substitution of *'One who feeds on human flesh.'*
(A) Ascetic (B) Aesthetic
(C) Cannibal (D) Bohemian

039. We should be well aware of the ________ present threat of natural disasters. *(Select the correct prefix)*
(A) de (B) en
(C) ap (D) omni

040. I had ________ there for some time before getting up.
(A) lie (B) lad
(C) lain (D) lied

041. બંધારણ સભાના પ્રથમ વચગાળાના અધ્યક્ષ કોણ હતા?
(A) શ્યામા પ્રસાદ મુખર્જી (B) રામ મનોહર સિન્હા
(C) બી.એન. રાવ (D) ડૉ. સચ્ચિદાનંદ સિન્હા

042. બંધારણમાં નાગરિકત્વનો ખ્યાલ નીચેના પૈકી ક્યા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો છે?
(A) અમેરિકા (B) ફ્રાન્સ
(C) બ્રિટન (D) રશિયા

043. શોષણ સામેના હક બાબતે નીચેના પૈકી કયું સાચું છે?
(A) લઘુમતીઓના હિતોનું રક્ષણ
(B) કાયદા સમક્ષ સમાનતા
(C) મનુષ્ય-વેપાર અને વેઠનો પ્રતિબંધ
(D) કોઈપણ ખાસ ધર્મના પ્રચાર માટે કર ચૂકવવાની સ્વતંત્રતા

044. બંધારણના અનુચ્છેદ 333ની જોગવાઈઓ અનુસાર દરેક રાજ્યની વિધાનસભામાં 500થી વધુ અને ________ થી ઓછાં સભ્યો નહીં હોય.

(A) 50
(B) 60
(C) 30
(D) 40

045. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે હોદ્દો ધરાવી ચૂકેલી વ્યક્તિ નીચેના પૈકી ક્યાં વકીલાત કરી શકશે?

(A) દેશમાં આવેલ તમામ વડી અદાલતોમાં.
(B) કોઈ સત્તાધિકારી અથવા અદાલત સમક્ષ વકીલાત કરી શકશે નહીં.
(C) ફક્ત સર્વોચ્ચ અદાલતમાં
(D) અગાઉ ન્યાયાધીશ તરીકે હોદ્દો ધારણ કર્યો ના હોય તેવી કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં.

046. સંવિધાનના અર્થઘટન બાબતમાં કાયદાનો તાત્વિક પ્રશ્ન સમાયેલો હોય તેવી બાબતોનો નિર્ણય કરવાના હેતુ માટે સર્વોચ્ચ અદાલતમાં બેસનારા ન્યાયાધીશોની સંખ્યા ઓછામાં ઓછી ________ રહેશે.

(A) 5
(B) 6
(C) 3
(D) 4

047. ભારતમાં એટર્ની જનરલ બાબતે નીચેના પૈકી ક્યું વિકલ્પ સાચું છે?

(A) રાષ્ટ્રપતિ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવાને લાયક હોય તેવી કોઈ વ્યક્તિને ભારતના એટર્ની જનરલ તરીકે નીમી શકે છે.
(B) દર્શાવેલ તમામ
(C) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.
(D) તેઓ ફક્ત રાજ્યસભામાં હાજરી આપી શકે છે તેમજ પોતાનો મત આપી શકે છે.

048. નીચેના પૈકી કઈ અર્ધ-ન્યાયિક સંસ્થા નથી?

(A) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ
(B) દર્શાવેલ તમામ
(C) કેન્દ્રીય તકેદારી આયોગ
(D) સંઘ જાહેર સેવા આયોગ

049. ________ સમિતિએ ભલામણ કરી કે પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય દરજ્જો આપવો જોઈએ.

(A) જી.વી.કે. રાવ સમિતિ
(B) અશોક મહેતા સમિતિ
(C) એલ. એમ. સિંઘવી સમિતિ
(D) બળવંતરાય મહેતા સમિતિ

050. "સુકન્યા સમૃધ્ધિ યોજના" હેઠળ ખાતુ ખોલાવવા માટે દીકરીની મહત્તમ ઉંમર ______ વર્ષ છે.

(A) 8
(B) 10
(C) 5
(D) 7

051. ગુજરાત સરકારના ક્યા વિભાગ દ્વારા "સેમિકન્ડકટર પોલિસી" જાહેર કરવામાં આવી છે?

(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ
(B) બંદરો અને વાહનવ્યવહાર વિભાગ
(C) ઉદ્યોગ અને ખાણ વિભાગ
(D) નાણાં વિભાગ

052. "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" નીચેના પૈકી કઈ બાબત લગતી છે?

(A) એલ.પી.જી. જોડાણ
(B) કૌશલ્ય વિકાસ
(C) વીજળી જોડાણ
(D) સૌર શક્તિ

053. નીચેના પૈકી કયો "માનવ ગરિમા યોજના"નો હેતુ છે?

(A) 21 વર્ષ કે તેથી વધુ વર્ષના પુત્ર ન હોય અને જેની ઉંમર 60 વર્ષ કે તેથી વધુ ઉંમરની હોય તેવા નિરાધાર વૃધ્ધને પેન્શન આપવામાં આવે છે.
(B) જેલમાં 5 વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય તેવા કેદીઓને જો તેઓ જ કુટુંબના કમાનાર મુખ્ય કે એક માત્ર વ્યક્તિ હોય તો એક જ વખતની ₹25,000/- ની સહાય આપવામાં આવે છે.
(C) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે નાણાં-સહાય આપવામાં આવે છે.
(D) નાનો ધંધો - રોજગાર કરવા ઈચ્છુક હોય તેવી વ્યક્તિઓને સ્વરોજગારીના ધંધા-રોજગાર અનુરૂપ કિટ્સ આપવામાં આવે છે.

054. નીચેના પૈકી કઈ સંસ્થા જાહેર માહિતી અધિકાર અધિનિયમ, 2005નાં દાયરામાં આવે છે?

(A) સંશોધન વિશ્લેષણ પાંખ
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો
(D) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ

055. ભારત સરકારના "રાષ્ટ્રીય સુશાસન કેન્દ્ર" - NCGG (National Centre for Good Governance) બાબતે નીચેના પૈકી કયું વિકલ્પ સાચું છે?

(A) C અને D બન્ને
(B) C અને D પૈકી કોઇ નહીં.
(C) NCGG ની સ્થાપના ભારત સરકાર દ્વારા કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળ એક સર્વોચ્ચ સ્તરની સ્વાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
(D) NCGG કાયદાના શાસન, પારદર્શિતા અને શાસનમાં જનભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

056. સ્વતંત્રતા પૂર્વેના ભારતીય અર્થતંત્ર બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) ભારત ઔદ્યોગિક ઉત્પાદનો(Industrial Products)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.
(B) દર્શાવેલ તમામ
(C) ભારત મૂડીગત માલ(Capital goods)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.
(D) ભારત પ્રાથમિક ઉત્પાદનો(Primary goods)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.

057. 1991ના સુધારા દરમ્યાન ________ સિવાયના મોટાભાગના ઉદ્યોગો માટે ઔદ્યોગિક લાઈસન્સ નાબુદ કરવામાં આવ્યું હતું.
(A) દારૂ
(B) દર્શાવેલ તમામ
(C) સ્ટીલ
(D) ફૂડ પ્રોસેસિંગ

058. નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય અનુસાર બિન-અશ્મિભૂત ઇંધણ સ્ત્રોતો હવે કુલ ક્ષમતામાં ________ ફાળો આપે છે.
(A) 59%
(B) 69%
(C) 39%
(D) 49%

059. પ્રોટીનનું પાચન થઈ કયો સરળ પદાર્થ બને છે?
(A) ફેટિ એસિડ
(B) એમિનો એસિડ
(C) ગ્લુકોઝ
(D) સેલ્યુલોઝ

060. નીચેના પૈકી કોણ થરમોમીટરના શોધક છે?
(A) જેમ્સ વોટ
(B) વોલ્ટા
(C) ગેલેલિયો
(D) લૂઈ પાશ્વર

061. ________ એ પ્રથમ ભારતીય સેટેલાઈટ, આર્યભટ્ટના નિર્માણ અને પ્રક્ષેપણ માટેનો પ્રોજેક્ટ શરૂ કર્યો.
(A) ડૉ. હોમી ભાભા
(B) ડૉ. સી.વી. રામન
(C) ડૉ. વિક્રમ સારાભાઈ
(D) ડૉ. જગદીશચંદ્ર બોઝ

062. ________ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.
(A) અગ્નિ-V
(B) પૃથ્વી-I
(C) આકાશ
(D) અસ્ત્ર

063. નીચેના પૈકી કયુ ભારતનું પ્રથમ પરમાણુ રિએક્ટર છે?
(A) ધ્રુવ
(B) સપ્તર્ષિ
(C) સપના
(D) અપ્સરા

064. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ – "તેજસ" ________ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

(A) HAL – હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ

(B) IAC – ઈન્ડિયન એરક્રાફ્ટ કંપની

(C) ISRO – ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન

(D) DRDO – ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન

065. માનવને અવકાશમાં મોકલવાના ભારતના મહત્વાકાંક્ષી મિશનનું નામ શું છે?

(A) ગરૂડરથ (B) વાયૂદૂત

(C) ગગનયાન (D) વાયુયાન

066. વિમાનની પાંખોની કાર્યપધ્ધતિ બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) C અને D બન્ને

(B) C અને D પૈકી કોઈ નહીં.

(C) વિમાનની પાંખો બર્નૌલીના સિધ્ધાંતને અનુસરે છે.

(D) વિમાનની પાંખો ન્યુટનના ગતિના ત્રીજા નિયમને અનુસરે છે.

067. જે રિએક્ટર વપરાશના ઇંધણ કરતા વધુ ઇંધણ ઉત્પન્ન કરે છે તેને ________ કહેવામાં આવે છે.

(A) થર્મલ રિએક્ટર

(B) સ્લો રિએક્ટર

(C) ફાસ્ટ રિએક્ટર

(D) બ્રીડર રિએક્ટર

068. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ Su-30 MKI એરક્રાફ્ટમાંથી લાંબી પહોંચ મર્યાદાના ગ્લાઈડ બોમ્બ (Long Range Glide Bomb) ________ ના રીલીઝ પરીક્ષણો સફળતાપૂર્વક હાથ ધર્યા.

(A) સહસ્ત્ર (B) ગૌરવ

(C) કેદાર (D) અભિમન્યુ

069. સાગરિકા મિસાઈલ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

i. તે K-15 નામે પણ ઓળખવામાં આવે છે.

ii. તે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસાવવામાં આવી છે.

iii. તે સબમરીન-લોન્ચ બેલિસ્ટિક મિસાઈલ (SLBM) છે.

(A) ફક્ત i અને iii (B) દર્શાવેલ તમામ

(C) ફક્ત i અને ii (D) ફક્ત ii અને iii

070. _______ એ સંસ્થાઓ દ્વારા ડિજિટલ માધ્યમથી જારી કરાયેલા શૈક્ષણિક પ્રમાણપત્રો માટેનું ડિજિટલ સ્ટોરહાઉસ છે.

(A) Digi Locker
(B) MOOCs
(C) NAD
(D) SWAYAM

071. _______ એ ઈ-કોમર્સનો એક પ્રકાર છે જેમાં કંપની અને ગ્રાહકનો સમાવેશ થાય છે.

(A) C2C
(B) દર્શાવેલ પૈકી કોઈ નહીં.
(C) B2B
(D) B2C

072. નીચેના પૈકી કયાં સાયબર સુરક્ષાના પ્રકાર છે?

i. કલાઉડ સુરક્ષા
ii. નેટવર્ક સુરક્ષા
iii. એપ્લિકેશન સુરક્ષા

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

073. ભારત વિશ્વનું _______ સૌથી મોટું રેલ્વે નેટવર્ક ધરાવે છે.

(A) ચોથું
(B) પાંચમુ
(C) બીજુ
(D) ત્રીજુ

074. પ્રજાસત્તાક દિવસ 2025ની ઉજવણી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. મલેશિયાના વડાપ્રધાન પ્રજાસત્તાક દિવસની પરેડના મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.
ii. આ વર્ષના ટેબ્લોની મુખ્ય વિષય વસ્તુ "સ્વર્ણિમ ભારત : વિરાસત ઔર વિકાસ" હતી.
iii. ઉત્તર પ્રદેશના મહાકુંભના ટેબ્લોએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

075. હાલ _______ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ના અધ્યક્ષ તરીકે કાર્યરત છે.

(A) ડૉ. એસ. સોમનાથ
(B) વી. નારાયણન
(C) ડૉ. જી. માધવન નાયર
(D) ડૉ. કે. કસ્તુરીરંગન

076. વર્ષ _______ સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત ઊર્જાક્ષમતા (Non-fossil fuel based energy capacity) હાંસલ કરવાની પ્રતિબધ્ધતા સાથે ભારત સ્વચ્છ ઊર્જામાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યું છે.

(A) 2040
(B) 2045
(C) 2030
(D) 2035

077. ગુજરાતમાં નીચેના પૈકી કોને ''જીઆઈ ટેગ'' (GI Tag) મળેલ છે?

i. ગીર કેસર કેરી

ii. કચ્છી ખારેક

iii. અમલસાડ ચીકુ

(A) ફક્ત i અને iii

(B) દર્શાવેલ તમામ

(C) ફક્ત i અને ii

(D) ફક્ત ii અને iii

078. ભારતીય કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસના સહયોગથી ભારતીય સેના દ્વારા ગુજરાતના ________ ખાતે ''જલ-થલ-રક્ષા 2025'' લશ્કરી કવાયત હાથ ધરવામાં આવી હતી.

(A) અહેમદપુર માંડવી

(B) ચોરવાડ

(C) બેટ દ્વારકા

(D) માધવપુર ઘેડ

079. ભારતના સંરક્ષણ મંત્રાલયે, T-72 ટેન્ક માટે 1000 HP એન્જિનોની ખરીદી માટે $ 248 મિલિયનના સોદા પર ________ સાથે કરાર કર્યો છે.

(A) રશિયા

(B) જર્મની

(C) ફ્રાન્સ

(D) યુ.એસ.એ.

080. 2025ના વર્લ્ડ હેપીનેસ અહેવાલ મુજબ ________ સતત આઠમા વર્ષે વિશ્વના સૌથી ખુશ દેશ તરીકે રહ્યું છે.

(A) ન્યુઝીલેન્ડ

(B) આઈસલેન્ડ

(C) સ્વીડન

(D) ફિનલેન્ડ

081. ભારત અને ________ એ મેરીટાઈમ ડિજીટલાઈઝેશન અને ડીકાર્બોનાઈઝેશન બાબતે સહકાર અંગેનો કરાર કર્યો છે.

(A) ઈન્ડોનેશિયા

(B) યુ.એ.ઈ.

(C) શ્રીલંકા

(D) સિંગાપુર

082. તાજેતરમાં ________ અને ભારતીય નૌકાદળે સ્વદેશી રીતે વિકસિત વર્ટિકલી-લોન્ચ્ડ શોર્ટ-રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ (VLSRSAM)નું સફળ ઉડાન-પરીક્ષણ કર્યું.

(A) નાસા (NASA)

(B) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)

(C) સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)

(D) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)

MaruGujarat.in

083. 2025ના "આંતરરાષ્ટ્રિય યોગ દિવસ"ના સંદેશા તરીકે ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા નીચેના પૈકી કયુ સૂત્ર આપવામાં આવ્યું?
(A) મનની શાંતિ-યોગ (Peace of Mind - Yoga)
(B) યોગ-વૈશ્વિક ધર્મ (Yoga - Global Religion)
(C) વિશ્વ શાંતિ યોગ દ્વારા (World Peace through Yoga)
(D) એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ (Yoga for One Earth, One Health)

084. ________ આગામી બે વર્ષ માટે BIMSTEC નું અધ્યક્ષપદ સંભાળશે.
(A) બાંગ્લાદેશ (B) મ્યાનમાર
(C) શ્રીલંકા (D) ભારત

085. તાજેતરમાં ભારતે આશરે ₹ 63,000 કરોડની કિંમતના 26 રાફેલ-મરીન ફાઈટર જેટ ખરીદવા માટે ________ સાથે એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
(A) જાપાન (B) યુ.એસ.એ.
(C) ફ્રાન્સ (D) જર્મની

086. તાજેતરમાં ભારતે ________ ના કૃષિમંત્રીની ભારતની મુલાકાત દરમ્યાન કૃષિ ઉત્પાદકતામાં સુધારો કરવા માટે અદ્યતન તકનીકોના ઉપયોગ અને કાર્યક્ષમ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓના ઉપયોગ પર ભાર મૂકતા કૃષિ સહકારને મજબૂત કરવા કરાર કર્યો હતો.
(A) જાપાન (B) સ્વીડન
(C) નેધરલેન્ડ (D) ઈઝરાયેલ

087. "નિવેષક દીદી" બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?
(A) C અને D બન્ને
(B) C અને D પૈકી કોઈ નહીં.
(C) તે ગ્રામીણ મહિલાઓમાં વિત્તીય (નાણાંકીય) સાક્ષરતામાં વધારો કરવા માટેની પહેલ છે.
(D) "નિવેષક દીદી" મહિલા ટપાલ કાર્યકરો અને સમુદાયના નેતાઓને તેમના સ્થાનિક પ્રદેશોમાં નાણાંકીય શિક્ષક તરીકે કાર્ય કરવા તાલીમ આપે છે.

088. સાબરમતી, ખંભાતના અખાતને મળે છે ત્યાં તેનો પટ આશરે 7 કિ.મી. પહોળો થાય છે જે ________ તરીકે ઓળખાય છે.
(A) તીથલનું મેદાન (B) કોબાલ્ટનું મેદાન
(C) બેસાલ્ટની ખાડી (D) કોપાલીની ખાડી

089. ગુજરાતમાં ________ માં બોકસાઈટ સૌથી મોટા પ્રમાણમાં મળી આવે છે.
(A) દાહોદ અને પંચમહાલ (B) કચ્છ અને જામનગર
(C) બનાસકાંઠા અને સાબરકાંઠા (D) અમરેલી અને જૂનાગઢ

090. 2011ની વસ્તીગણત્રીના આંકડાઓ મુજબ ગુજરાતમાં ________ જિલ્લો સૌથી વધુ સાક્ષરતા દર ધરાવે છે.

(A) સુરત
(B) ગાંધીનગર
(C) અમદાવાદ
(D) વડોદરા

091. 2011ની વસ્તીગણત્રીના આંકડાઓ મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી અનુક્રમે ________ અને ________ છે.

(A) 89.17 લાખ (14.8%), 89.17 લાખ (14.8%)
(B) 89.17 લાખ (14.8%), 40.74 લાખ (6.7%)
(C) 40.74 લાખ (6.7%), 89.17 લાખ (14.8%)
(D) 40.74 લાખ (6.7%), 40.74 લાખ (6.7%)

092. આરસપહાણ ખડક ________ પ્રકારના ખડકનું દ્રષ્ટાંત છે.

(A) રૂપાંતરિત
(B) જ્વાળામુખીય
(C) આગ્નેય
(D) પ્રસ્તર

093. ભારતમાં મંદિરોની સ્થાપત્ય શૈલી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. નાગર શૈલીના મંદિરનું તલમાન મુખ્યતઃ ચોરસ હોય, પરંતુ એની દરેક બાજુમાં એક પછી એક નાના થતા જતા કેટલાક પ્રક્ષેપ કાઢવામાં આવે છે, આથી એ છેવટે તારાકાર દેખાય છે.
ii. દ્રાવિડ શૈલીના મંદિરોમાં ચોરસ ગર્ભગૃહને ફરતો ઢાંકેલો પ્રદક્ષિણાપથ રાખીને તેને ફરતો મોટો ચોરસ રાખવામાં આવે છે અને એની દીવાલની બહારની બાજુના અર્ધસ્તંભો વડે ગોખલા કાઢવામાં આવે છે.
iii. નાગર શૈલીના શિખરનો ઝોક આડો હોય છે જ્યારે દ્રાવિડ શૈલીના શિખરનો ઝોક ઊભો હોય છે.

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

094. નીચેના પૈકી કઈ પદ્યકથાઓ શામળ ભટ્ટે લખી છે?

i. પદ્માવતી
ii. ભદ્રાભામિની
iii. પંચદંડ

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

095. ________ તહેવારમાં ખેડ્યા વિના ઉગાડેલું અનાજ ખાવાનો મહિમા છે.

(A) સામા પાંચમ
(B) શરદ પૂનમ
(C) નાગ પાંચમ
(D) શીતળા સાતમ

096. તરણેતરનો મેળો ________ ના મંદિર નજીક યોજાય છે.

(A) ભગવાન દત્તાત્રેય
(B) ખીજડીયા હનુમાન
(C) પાતાલેશ્વર મહાદેવ
(D) ત્રિનેત્રેશ્વર મહાદેવ

097. ભવાઈની શરૂઆત અસાઈત ઠાકર દ્વારા ________ લોકનાટ્ય કળા તરીકે થઈ.

(A) 14મી સદીમા
(B) 18મી સદીમા
(C) 10મી સદીમા
(D) 12મી સદીમા

098. ભવાઈ-ગીતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?

i. દુહા
ii. છંદ
iii. રાસડા

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

099. જોડકા જોડો

લેખક		કૃતિ	
i.	મનુભાઈ પંચોળી - "દર્શક"	a.	લીલુડી ધરતી
ii.	પન્નાલાલ પટેલ	b.	જિગર અને અમી
iii.	ચુનીલાલ શાહ	c.	કુરુક્ષેત્ર
iv.	ચુનીલાલ મડિયા	d.	પડઘા અને પડછાયા

(A) i - c, ii - d, iii - b, iv - a
(B) i - d, ii - c, iii - b, iv - a
(C) i - a, ii - b, iii - c, iv - d
(D) i - c, ii - d, iii - a, iv - b

100. માનવ સંસ્કૃતિનું સંગ્રહાલય - "ભારતીય સંસ્કૃતિ દર્શન" ક્યાં આવેલું છે?

(A) અમદાવાદ
(B) વડોદરા
(C) ભૂજ
(D) વડનગર

101. ________ ની વિશેષતા એ છે કે દર વર્ષે 22 માર્ચના દિવસે ઊગતા સૂર્યના પ્રથમ કિરણો તેના શિખર પરથી પસાર થાય છે અને મહાવીર સ્વામીના મસ્તક પર પડે છે.

(A) કોબા જૈન તીર્થ
(B) ચંદ્રમણિ જૈન તીર્થ
(C) શંખેશ્વર જૈન તીર્થ
(D) શંખલપુર જૈન તીર્થ

102. ડાંગમાં ________ નજીક અંબિકા નદી પર આવેલો ગિરા ધોધ નયનરમ્ય પર્યટક સ્થળ છે.

(A) સાપુતારા
(B) રાજપીપળા
(C) બાલારામ
(D) વઘઈ

103. યુનેસ્કો (UNESCO) દ્વારા પર્યાવરણ જાળવણી માટે નીચેના પૈકી કયો પુરસ્કાર (એવોર્ડ) આપવામાં આવે છે?

(A) જહોન મિલર
(B) અબ્રાહમ લિંકન
(C) સુલતાન કબુસ
(D) આદમ સ્મિથ

104. ________ મુખ્યત્વે પશ્ચિમી ઘાટના પશ્ચિમ ઢોળાવો પર તેમજ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જોવા મળે છે.

(A) ઉષ્ણકટિબંધીય કાંટાળા જંગલો
(B) તટીય અને દલદલ જંગલો
(C) ઉષ્ણકટિબંધીય નિત્ય લીલાં અને અર્ધ-લીલાં જંગલો
(D) ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો

105. એક શિંગી ભારતીય ગેંડા ________ ના જંગલોમાં જોવા મળે છે.

(A) કેરળ
(B) દર્શાવેલ તમામ
(C) આસામ
(D) મધ્યપ્રદેશ

106. નીચેના પૈકી કયો દેશ હાલ વિશ્વમાં સૌથી વધુ ગ્રીનહાઉસ વાયુ ઉત્સર્જિત કરે છે?

(A) કેનેડા
(B) ભારત
(C) અમેરિકા
(D) ચીન

107. નીચેના પૈકી કયું ''એસિડ વરસાદ''નું મુખ્ય કારણ છે?

(A) સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ડાયોક્સાઈડ
(B) કાર્બન ડાયોક્સાઈડ
(C) મિથેન
(D) ઓઝોન

108. ''રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ''ના વડા ________ છે.

(A) સંરક્ષણમંત્રી
(B) વડાપ્રધાન
(C) રાષ્ટ્રપતિ
(D) ગૃહમંત્રી

109. રિક્ટર સ્કેલ ભૂકંપને લગત ________ દર્શાવે છે.

(A) તીવ્રતા
(B) ઊંડાણ
(C) સમયગાળો
(D) સ્થળ

MaruGujarat.in

110. વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત "ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ"ની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્ત્વના પગલારૂપે _______ સ્થિત સાઈટને ગુજરાતની પ્રથમ "બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ" તરીકે જાહેર કરવામાં આવી છે.

(A) નારાયણ સરોવર
(B) નળ સરોવર
(C) લખતર
(D) ગુનેરી

111. ગુજરાતમાં નીચેના પૈકી કઈ "રામસર સાઈટ" છે?

i. થોળ વનજીવ અભ્યારણ
ii. વઢવાણ તળાવ
iii. ખીજડિયા પક્ષી અભ્યારણ

(A) ફક્ત ii અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત i અને iii

112. જંગલો અને વન્ય પ્રાણીઓની સુરક્ષા માટેની સંસ્થા, "વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર" (WWF) - વિશ્વ પ્રકૃતિનિધિનું પ્રતિક _______ છે.

(A) કાંગારૂ
(B) ચિમ્પાન્ઝી
(C) સિંહ
(D) રીંછ

113. બેઝલ સંમેલન (Basel Convention) બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) C અને D બન્ને
(B) C અને D પૈકી કોઈ નહીં
(C) જોખમી કચરાના ઉત્પાદનમાં ઘટાડો અને તેના યોગ્ય નિકાલ માટે વ્યવસ્થાપન અંગેની સમજૂતી છે.
(D) તે કિરણોત્સર્ગી કચરાને આવરી લેતું નથી.

114. "પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન સુધારા નિયમો" અનુસાર એકલ ઉપયોગ પ્લાસ્ટિક વસ્તુઓ અને _______ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(A) 120
(B) 140
(C) 80
(D) 100

115. ભારતના ચોથા દ્વિવાર્ષિક અપડેટ રિપોર્ટ (BUR-4)માં વર્ષ 2019ની સરખામણીમાં વર્ષ 2020માં ગ્રીન હાઉસ વાયુનાં ઉત્સર્જનમાં _______ નો ઘટાડો નોંધાયા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

(A) 7.93%
(B) 9.93%
(C) 4.93%
(D) 5.93%

MaruGujarat.in

116. "પીએમ-કુસુમ યોજના" બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) C અને D બન્ને

(B) C અને D પૈકી કોઈ નહીં.

(C) આ યોજનાનો ઉદ્દેશ્ય રૂફટોપ સોલર સિસ્ટમ દ્વારા એક કરોડ પરિવારોને મફત વીજળી પૂરી પાડવાનો છે.

(D) આ યોજના ખેડૂતોને સ્ટેન્ડઅલોન સોલર પંપ સ્થાપિત કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડે છે.

117. "રાષ્ટ્રીય બાયોફ્યુઅલ નીતિ" અનુસાર 2025-26 સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણનું ________ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

(A) 40% (B) 50%

(C) 20% (D) 30%

118. નીચેના પૈકી કયો વિકલ્પ રૂઢિપ્રયોગ, "ડિંગ થઈ જવું" નો સાચો અર્થ છે?

(A) આશ્ચર્યચકિત થઈ જવું (B) ગુસ્સે થવું

(C) છોભીલા પડી જવું (D) આઘાત લાગવો

119. નીચેના પૈકી કયો વિકલ્પ રૂઢિપ્રયોગ, "તુરિયાનો તાર જાગી ઊઠવો" નો સાચો અર્થ છે?

(A) દયા આવવી (B) ભગવાનને પ્રાર્થના કરવી

(C) પ્રસન્ન થવું (D) સમજણ શક્તિનો ઉદય થવો

120. નીચેના પૈકી કયો વિકલ્પ "બકરી આદુ ખાતા શીખી" કહેવતનો સાચો અર્થ છે?

(A) નબળી વ્યક્તિ પણ સમય આવે હોંશિયાર થઈ જાય છે.

(B) પરસ્પર સહકાર આપવાથી અશક્યને શક્ય બનાવી શકાય છે.

(C) સજ્જનનો સંગ કરવાથી સારી આદતો શીખાય છે.

(D) અક્કલ વગરની વ્યક્તિનો સંગ ના કરાય.

121. નીચેના પૈકી કયો વિકલ્પ "આપવો દોકડો ને લેવો બોકડો" કહેવતનો સાચો અર્થ છે?

(A) નાનું દુ:ખ આપી મોટું દુ:ખ લેવું

(B) આળસુ રહેવું ને ઉપરથી દાદાગીરી કરવી

(C) ઓછી કિંમત આપીને મોટી વસ્તુ લેવી

(D) ઘોડો આપીને બકરી લેવી

122. "વિચાર વૈભવ" કયો સમાસ છે?

(A) ઉપપદ (B) તત્પુરૂષ

(C) દ્વન્દ્વ (D) કર્મધારય

MaruGujarat.in

123. "ભીખમંગો" ક્યો સમાસ છે?

(A) તત્પુરૂષ
(B) કર્મધારય
(C) ઉપપદ
(D) દ્વન્દ્વ

124. "લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી" - ક્યો છંદ છે?

(A) અક્ષરમેળ
(B) માત્રામેળ
(C) શિખરિણી
(D) મંદાક્રાન્તા

125. "છાયા તે વડના જેવી, ભાવ તો નંદના સમા
દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય." - ક્યો છંદ છે?

(A) અનુષ્ટુપ
(B) શિખરિણી
(C) મંદાક્રાન્તા
(D) માત્રામેળ

126. "છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી" - ક્યો અલંકાર છે?

(A) અનન્વય
(B) સજીવારોપણ
(C) શ્લેષ
(D) શબ્દાનુપ્રાસ

127. "લળીલળીને હેત કરતા વાંસનાં ઝૂંડના ઝૂંડ" - ક્યો અલંકાર છે?

(A) શબ્દાનુપ્રાસ
(B) અનન્વય
(C) સજીવારોપણ
(D) શ્લેષ

128. "શરીરે મોટું પણ અક્કલમાં ઓછું" - શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે?

(A) જડસુ
(B) પ્રપાત
(C) વમળ
(D) ખોભણ

129. "અડધી ઉંમરે પહોંચેલું" - શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે?

(A) વૃધ્ધ
(B) વયોવૃધ્ધ
(C) વરિષ્ઠ
(D) આધેડ

130. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે?

(A) વિસજર્ન
(B) દુષ્કાળ
(C) નિરામીષ
(D) નીષ્ફળ

131. નીચેના પૈકી ક્યા વાક્યમાં લેખન/ભાષા શુધ્ધિ જોવા મળે છે?

(A) અમને દાદીમાં ખૂબ વહાલા હતા.
(B) ધોધનું એ મનોરમ્ય દશ્ય મને હજૂ પણ યાદ છે.
(C) સાંજે કાર્યાલય છ વાગે બંધ થાય છે.
(D) શેઠે કારખાનામાં કામ કરતા મજૂરોને બોલાવ્યા.

132. નીચેના પૈકી ક્યો વિકલ્પ સાચો છે?

(A) દિગંબર - દિગ્ + અંબર
(B) વાક્પતિ - વાત્ + પતિ
(C) તદનુસાર - તદ્ + અનુસાર
(D) સચ્ચરિત્ર - સત્ + ચરિત્ર

133. નીચેના પૈકી ક્યો વિકલ્પ સાચો છે?

(A) સત્ + ઉત્સવ - સત્રોત્સવ
(B) ઉત્તરા + આયન - ઉત્તરાયણ
(C) રત્ન + આકર - રત્નાકર
(D) સદ્ + ઉપયોગ - સદુપયોગ

134. નીચેના પૈકી ક્યો "હેમ" નો સમાનાર્થી શબ્દ છે?

(A) હિંમત
(B) શાહી
(C) આળ
(D) કનક

135. નીચેના પૈકી ક્યો "કાષ્ઠ" નો સમાનાર્થી શબ્દ છે?

(A) લાકડાં
(B) હાડકાં
(C) પિત્તળ
(D) લોખંડ

136. નીચેના પૈકી ક્યો "સ્નિગ્ધ"નો વિરૂધ્ધાર્થી શબ્દ છે?

(A) કઠણ
(B) ગાફેલ
(C) કોમળ
(D) ઘાતકી

137. નીચેના પૈકી ક્યો "દુર્ગમ" નો વિરૂધ્ધાર્થી શબ્દ છે?

(A) સુગમ
(B) સદ્ભાગ્ય
(C) અગમ
(D) નિગમ

138. People who ________ items made of plastic and paper ________ the world's resources.

(A) aren't recycling / wasted
(B) haven't recycled / wasted
(C) Haven't been recycling / were wasting
(D) don't recycle / are wasting

139. I ________ to see you tomorrow, but now I find I can't.

(A) was coming
(B) am coming
(C) will come
(D) come

140. The department has already declared all the details of the investigation. *(Change the voice)*

(A) All the details of the investigation had already been declared by the department.

(B) All the details of the investigation were already been declared by the department.

(C) All the details of the investigation have already been declared by the department.

(D) All the details of the investigation has already been declared by the department.

141. Who told her such things? *(Change the voice)*

(A) By whom was she told such things?

(B) By whom she was told such things?

(C) Who was she told such things by?

(D) She was told such things by who?

142. He asked me,"Are you going to the musical evening tomorrow?" *(Change the narration)*

(A) She asked me whether I have gone to the musical evening the next day.

(B) She asked me whether I had gone to the musical evening the next day.

(C) She asked me whether I was going to the musical evening the next day.

(D) She asked me whether you are going to the musical evening the next day.

143. He said to me," I expect you to attend my birthday party." *(Change the narration)*

(A) He told me that he expected me to attend his birthday party.

(B) He told me that he expects me to attend my birthday party.

(C) He told me that he expected me to attend my birthday party.

(D) He told me that he had expected me to attend my birthday party.

144. Scoring in Statistics subject is easy. *(Transform from affirmative to negative)*

(A) Scoring in Statistics is not easy as you think.

(B) Scoring in Statistics has been always easy.

(C) Scoring in Statistics is not easy.

(D) Scoring in Statistics is not difficult.

145. He purchased ________ LCD television.

(A) the (B) an

(C) no article (D) a

146. શ્વેત ક્રાન્તિની શરૂઆત ________ માં થઈ હતી.

(A) 1980
(B) 1985
(C) 1960
(D) 1970

147. નીચેના પૈકી કઈ કૃષિ-સંશોધન કરતી સંસ્થા છે?

(A) NABARD
(B) IARA
(C) ICAR
(D) CIBRC

148. ''મેક ઈન ઈન્ડિયા'' નીતિની શરૂઆત ________ માં કરવામાં આવી.

(A) 2014
(B) 2016
(C) 2010
(D) 2021

149. નીચેના પૈકી કયા ઉદ્યોગો ભારતના આઠ મુખ્ય ઉદ્યોગોનો ભાગ નથી?

(A) ખાણકામ અને ફાર્માસ્યુટિકલ
(B) ખાતર અને રિફાઈનરી
(C) કોલસો, ક્રુડ ઓઈલ અને કુદરતી વાયુ
(D) સ્ટીલ, સિમેન્ટ અને વિજળી

150. ભારતમાં ________ ક્ષેત્રમાં ઉર્જાનો વપરાશ સૌથી વધુ છે.

(A) આરોગ્ય
(B) તૃતીય
(C) ઔદ્યોગિક
(D) પરિવહન

151. પશ્ચિમ રેલ્વેનું વડુ મથક ________ છે.

(A) મુંબઈ
(B) વડોદરા
(C) અમદાવાદ
(D) રતલામ

152. ગુજરાતમાંથી આસામ રાજ્યમાં માલ પહોંચાડવાના કિસ્સામાં નીચેના પૈકી કયો કર લાગુ પડશે?

(A) SGST
(B) UTGST
(C) CGST
(D) IGST

153. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) C અને D બંને
(B) C અને D પૈકી કોઈ નહીં.
(C) જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે RBI બેન્ક રેટ વધારી નાણાંનો પુરવઠો ઘટાડે છે જેથી ફુગાવો ઓછો થાય.
(D) જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે RBI બેન્ક રેટ ઘટાડી નાણાંનો પુરવઠો ઘટાડે છે જેથી ફુગાવો ઓછો થાય.

154. નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ બિન આયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા)માં થાય છે?

i. રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય

ii. સંરક્ષણ પાછળ થતું ખર્ચ

iii. પેન્શન, પગાર વગેરે

(A) ફક્ત i અને iii (B) દર્શાવેલ તમામ

(C) ફક્ત i અને ii (D) ફક્ત ii અને iii

155. નીતિ આયોગ (NITI Aayog) - નું આખું નામ ________ છે

(A) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા

(B) નેશનલ ઈન્ફોરમેશન થિન્ક ટેંક ઓફ ઈન્ડિયા

(C) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ઈન્ડિયા

(D) નેશનલ ઈન્ફોરમેશન એન્ડ ટેક્નોલોજીકલ ઈનોવેશન

156. ભારતમાં ટેલિકોમ્યુનિકેશન સંબંધિત તમામ બાબતોમાં ભારત સરકારની નીતિઓ માટે ________ ની રચના કરવામાં આવી છે.

(A) ભારતીય ટેલિકોમ અને સાયબર આયોગ

(B) ડિજિટલ કોમ્યુનિકેશન કમિશન

(C) ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા

(D) ટેલિકોમ સલાહકાર સમિતિ

157. નીચેના પૈકી કયું ખાદ્ય સુરક્ષાનું ઘટક નથી?

(A) સુલભતા (B) ટકાઉપણું

(C) ઉપલબ્ધતા (D) પોષણક્ષમતા

158. ગુજરાતમાં નીચેના પૈકી કયા આંતરરાષ્ટ્રીય હવાઈમથક છે?

i. રાજકોટ ii. વડોદરા

iii. સુરત

(A) ફક્ત ii અને iii (B) દર્શાવેલ તમામ

(C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

159. તાજેતરમાં સંશોધકોની એક ટુકડીએ ________ ખાતે 5,300 વર્ષ જૂની પ્રારંભિક હડપ્પા સમયગાળાની વસાહત શોધી કાઢી છે.

(A) જામનગર જિલ્લાના ધ્રોલ નજીક ખારવા ગામ

(B) સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક મોહનપુર ગામ

(C) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી નજીક પરાળી ગામ

(D) કચ્છ જિલ્લાના લખપત નજીક લાખાપર ગામ

160. જૈન ધર્મના પાર્શ્વનાથ ભગવાને ચાર મહાવ્રતોનો ઉપદેશ આપ્યો હતો. ભગવાન મહાવીર સ્વામીએ એમાં ________ ને પાંચમા વ્રત તરીકે અલગ સ્થાન આપ્યું.

(A) અપરિગ્રહ
(B) બ્રહ્મચર્ય
(C) અહિંસા
(D) સત્ય

161. સોલંકી સમયના કુમારપાળ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. એના અનેક અભિલેખોમાં એને ''ઉમાપતિવરલબ્ધપ્રસાદ'' કહ્યો છે.
ii. 65 વર્ષની વયે એ સાંગ્રામિક વિજયોની લાલસા તજી ધાર્મિક અભ્યુદયના માર્ગે વળ્યો.
iii. તેણે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
iv. તેણે કુલપરંપરાગત શૈવ ધર્મ ચાલુ રાખીને જૈન ધર્મ અંગીકાર કર્યો ન હતો.

(A) ફક્ત i, iii અને iv
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત ii, iii અને iv

162. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના નીચેના પૈકી કઈ વ્યક્તિઓએ ભાગ લીધો હતો?

i. મગન ભૂખણ (વૈષ્ણવ)
ii. ગરબડદાસ મુખી
iii. જોધા માણેક અને મુળુ માણેક

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

163. જોડકા જોડો

સમાજસુધારક		પ્રદાન	
i.	રાધા કાન્ત દેવ	a.	''પતિતોધ્ધાર સભા''ની સ્થાપના કરી
ii.	હેન્રી ડીરોઝીયો	b.	''સ્વાધ્યાય'' નામના પુસ્તકમાં ક્રિયાકાંડો અને વિધિ નિષેધો પ્રત્યે સખત નારાજગી વ્યક્ત કરી
iii.	ગોપાલ હરિ દેશમુખ	c.	''એકેડેમિક એસોસિયેશન''ની સ્થાપના કરી
iv.	કરસનદાસ મૂળજી	d.	''રાસ્ત ગોફતાર''માં સામાજિક કુરિવાજો પર વેધક પ્રહારો કરતાં લેખો લખ્યાં.

(A) i - d, ii - b, iii - c, iv - a
(B) i - d, ii - c, iii - b, iv - a
(C) i - a, ii - b, iii - c, iv - d
(D) i - a, ii - c, iii - b, iv - d

MaruGujarat.in

164. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. 1922ના ગયા અધિવેશનના પ્રમુખ ચિત્તરંજનદાસ અને તેના ટેકેદારો ધારાસભાની ચૂંટણીઓ લડી તથા તેમાં બહુમતી બેઠકો મેળવીને સરકારનાં કાર્યો થંભાવી દેવાના મતના હતાં.

ii. રાજગોપાલાચારી અને તેમના અન્ય સાથીદારોએ ધારાસભાના પ્રવેશના ઉપરોક્ત ઠરાવને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો.

iii. ચિત્તરંજન દાસે ''ખિલાફત સ્વરાજ્ય પક્ષ''ની સ્થાપના કરી જે પછીથી ''સ્વરાજ્ય પક્ષ''ના ટૂંકા નામે ઓળખાયો તેમજ મોતીલાલ નહેરુ, શ્રીનિવાસ આયંગર વગેરે નેતાઓએ ચિત્તરંજનદાસના પગલાને ટેકો આપ્યો.

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

165. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. 1941માં નેતાજી સુભાષચંદ્ર બોઝને નજરકેદમાંથી ભારતથી ભાગી જવામાં સરદારસિંહ રાણાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ii. શ્યામજી કૃષ્ણ વર્મા દયાનંદ સરસ્વતીના પ્રશંસક હતા અને તેમણે લંડનમાં વીર સાવરકરને પ્રેરણા આપી હતી.

iii. મેડમ ભીખાજી કામા ગાંધીજીને લંડનની મુલાકાત દરમ્યાન મળ્યા અને એમના આદર્શોથી પ્રેરાઈને સ્વતંત્રતા ચળવળમાં ઝંપલાવ્યું.

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

166. ગાંધીજીના અગિયાર મહાવ્રતો પૈકીના ''અસ્તેય'' મહાવ્રતનો નીચેના પૈકી કયો અર્થ થાય છે?

(A) બ્રહ્મચર્ય
(B) સર્વ ધર્મ સમભાવ
(C) સ્વાદ ત્યાગ
(D) ચોરી ન કરવી

167. ગૃહમંત્રી તથા દેશી રાજ્યખાતાના મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની સૂચના અનુસાર તેમના ખાસ સચિવ વી.પી. મેનન અને તેમના મદદનીશ _______ એ ખૂબ જ કુશળતાપૂર્વક રાજ્યોના જોડાણ ખતપત્રને લગતો મુસદ્દો તૈયાર કર્યો.

(A) નાનક ચંદ રત્તુ
(B) ડી. પી. ખૈતાન
(C) એમ. ઓ. મથાઈ
(D) સી. સી. દેસાઈ

MaruGujarat.in

168. ગાંધીવાદી ચળવળકાર ________ એ ડાંગ ગુજરાતમાં સમાવી લેવાની ભારે તરફેણ કરી જેના પરિણામે મહાગુજરાત આંદોલન બાદ ડાંગ ગુજરાતના ફાળે આવ્યું.

(A) જીવરાજ મહેતા
(B) દિનકર મહેતા
(C) ઘેલુભાઈ નાયક
(D) છોટુભાઈ પુરાણી

169. પૃથ્વીની ધરી તેની કક્ષા તરફ નમેલી છે અને તેની સાથે ________ નો ખૂણો બનાવે છે. ગાણિતિક રીતે એવું કહી શકાય કે પૃથ્વીની ધરી ________ નમેલી છે. આ ખૂણાને અક્ષીયનમન અથવા ધરીનમન કહે છે.

(A) 23.5°, 66.5°
(B) 23.5°, 23.5°
(C) 66.5°, 66.5°
(D) 66.5°, 23.5°

170. સામાન્ય રીતે પૃથ્વીની દર 1 કિ.મી.ની ઊંડાઈએ ________ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનમાં વધારો થાય છે.

(A) 30°
(B) 40°
(C) 10°
(D) 20°

171. સૂર્યના પારજાંબલી કિરણોના સતત મારાને કારણે ________ ની હવાનું આયનીકરણ થતું હોવાથી આ આવરણને "આયનાવરણ" પણ કહે છે.

(A) ક્ષોભ આવરણ
(B) સમતાપ આવરણ
(C) ઉષ્માવરણ
(D) મધ્યાવરણ

172. ________, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમ સાથે લગભગ 1,643 કિ.મી. લાંબી મોટા ભાગની વાડ વગરની સરહદ ધરાવે છે.

(A) ચીન
(B) બાંગ્લાદેશ
(C) ભૂતાન
(D) મ્યાનમાર

173. ભૂમિખંડની નજીકના કાંધી જેવા ધીમા ઢાળવાળા, સપાટ અને પહોળા સમુદ્રતળના છીછરા ભાગને ________ કહે છે.

(A) સમુદ્ર ખાઈ
(B) ગહન સમુદ્ર મેદાન
(C) ખંડીય છાજલી
(D) ખંડીય ઢાળ

174. ભારતીય રિઝર્વ બેંકે જૂન 2025માં તેના નાણાંકીય નીતિના નિર્ણયમાં રેપો રેટમાં 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ________% કર્યો હતો.

(A) 5.50
(B) 5.00
(C) 6.50
(D) 6.00

175. ગુજરાતના એક મહત્વપૂર્ણ ડ્રોન પ્રોજેક્ટ (GP-DRASTI) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત રાજ્યમાં કોઈપણ ઘટના બનતા પોલીસનો રિસ્પોન્સ ટાઈમ ઘટાડવો અને રિસ્પોન્સને વધુ અસરકારક બનાવવાનો છે.

ii. આ પ્રોજેક્ટ મુખ્યત્વે સ્કૂલ-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની રૂચિ વધે તે માટે શરૂ કરવામાં આવ્યો છે.

iii. આ ડ્રોન પ્રોજેક્ટનો પાયલોટ પ્રોજેક્ટ અમદાવાદ અને સુરત ખાતે કરવામાં આવ્યો હતો.

(A) ફક્ત i અને iii
(B) દર્શાવેલ તમામ
(C) ફક્ત i અને ii
(D) ફક્ત ii અને iii

176. ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે પંચાયતોને બંધારણીય દરજ્જો આપતો 73માં બંધારણીય સુધારા અધિનિયમ, 1992ના 32 વર્ષ પૂરા કરવાની યાદગીરી સ્વરૂપે રાષ્ટ્રએ ________ ના રોજ રાષ્ટ્રીય પંચાયતી દિવસની ઉજવણી કરી.

(A) 15 ફેબ્રુઆરી
(B) 24 એપ્રિલ
(C) 1 મે
(D) 26 જાન્યુઆરી

177. તાજેતરમાં ________ એ એક નવા હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યું છે જે મેગ્નેશિયમ હાઈડ્રાઈડનો ઉપયોગ કરીને ઉચ્ચ ગરમીની તીવ્રતા ધરાવતા બિન-પરમાણુ અગનગોળાની રચના કરે છે જે લક્ષિત લશ્કરી સંપત્તિનો નાશ કરી શકે છે.

(A) ચીન
(B) જર્મની
(C) રશિયા
(D) ઈઝરાયેલ

178. તાજેતરમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ (NSAB)નું પુનર્ગઠન કરી ભૂતપૂર્વ RAWના વડા ________ ને તેના અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

(A) રાજેશ મહેતા
(B) કર્નલ જાનકીનાથન્
(C) આલોક જોશી
(D) રાજીવ રંજન વર્મા

179. તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) એ ________ પર લડાકુ વિમાનોનું ફ્લાયપાસ્ટ અને લેન્ડિંગ કવાયત કરીને તેની ઓપરેશનલ તૈયારી કરી હતી.

(A) આગ્રા-લખનઉ એક્સપ્રેસવે
(B) ગંગા એક્સપ્રેસવે
(C) અમદાવાદ - વડોદરા એક્સપ્રેસવે
(D) મુંબઈ-પૂના એક્સપ્રેસવે

180. બેસલ, રોટરડેમ અને સ્ટોકહોમ (BRS) સંમેલનો માટે COPs 2025ની પરિષદ તાજેતરમાં ________ ખાતે યોજાઈ હતી.

(A) જીનીવા
(B) એમ્સ્ટર્ડમ
(C) નવી દિલ્હી
(D) પેરિસ

181. ગ્રીન એનર્જી અને ટકાઉ પરિવહનની દિશામાં એક મહત્વની પહેલના ભાગરૂપે તાજેતરમાં રેલ્વે મંત્રાલયે ________ ખાતે રેલ્વે ટ્રેકની વચ્ચે દેશની પ્રથમ 70 મીટર લાંબી રિમૂવેબલ સોલર પેનલ સિસ્ટમ સ્થાપિત કરી છે.

(A) નાગપુર
(B) વડનગર
(C) ચાણસ્મા
(D) વારાણસી

182. ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના મુખ્ય શિલ્પિ અને અણુ ઉર્જા આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ ________ નું તાજેતરમાં અવસાન થયું છે.

(A) ડૉ. પી. યુ. રામાનાથન્
(B) ડૉ. પી. કે. ગોપાલન
(C) ડૉ. એમ. આર. શ્રીનિવાસન
(D) ડૉ. કે. કે. સ્વામીનાથન્

183. દેશના વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં ________ ખાતે રોલિંગ સ્ટોક વર્કશોપ સુવિધામાં ઉત્પાદિત પ્રથમ 9000 હોર્સપાવર લોકોમોટિવ એન્જિનનું ઉદ્ઘાટન કર્યું હતું.

(A) વડોદરા
(B) દાહોદ
(C) સાબરમતી
(D) ભૂજ

184. ગુજરાતમાં સિંહોની વસ્તીમાં પાંચ વર્ષના સમયગાળા દરમિયાન નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જેમાં 2020 થી 2025 ના સમયગાળા સુધીમાં સિંહોની વસ્તીમાં આશરે ________ નો વધારો નોંધાયો છે અને તેની કુલ સંખ્યા 891 પર પહોંચી છે.

(A) 32%
(B) 42%
(C) 12%
(D) 22%

185. ભારતના પોસ્ટ વિભાગ દ્વારા ભારતના "એડ્રેસ ઈન્ફ્રાસ્ટ્રકચર"ને આધુનિક બનાવવાના તેના મિશનના ભાગરૂપે તાજેતરમાં નીચેના પૈકી કયા ડિજિટલ પ્લેટફોર્મની શરૂઆત કરી?

(A) C અને D બન્ને
(B) C અને D પૈકી કોઈ નહીં.
(C) Know Your DIGIPIN
(D) Know Your PIN

186. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) C અને D બન્ને
(B) C અને D પૈકી કોઈ નહીં.
(C) તાજેતરમાં દેશના વડાપ્રધાનશ્રીએ વિશ્વના સૌથી ઊંચા રેલ્વે કમાન પુલ-ચિનાબ પુલનું ઉદ્ઘાટન કર્યું.
(D) તાજેતરમાં દેશના વડાપ્રધાનશ્રીએ ભારતના પ્રથમ કેબલ સ્ટેન્ડ પુલ-અંજી પુલનું ઉદ્ઘાટન કર્યું.

187. વાઘના અભ્યાસ અને તેના સંરક્ષણ માટે જીવન સમર્પિત કર્યું એવા ભારતના 'ટાઇગરમેન' તરીકે ઓળખાતા ________ નું તાજેતરમાં અવસાન થયું હતું.

(A) જેક વેટ્રિઆનો
(B) એમ. આર. શ્રીનિવાસન
(C) વાલ્મિક થાપર
(D) સલીમ અલી

188. તાજેતરમાં ________ માં આવેલ વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં યોજાયેલ "કોમનવેલ્થ વેઇટ લિફ્ટીંગ સ્પર્ધા"માં મીરાબાઇ ચાનુએ કોમનવેલ્થ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

(A) અમદાવાદ
(B) મુંબઇ
(C) નવી દિલ્હી
(D) નાગપુર

189. પરેશ એક કામ 5 દિવસમાં અને નિલેશ તે જ કામ 10 દિવસમાં પૂરું કરે છે. જો બન્ને સાથે તે કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પૂરું થશે?

(A) $\frac{10}{3}$ દિવસ
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 7.5 દિવસ
(D) $\frac{25}{3}$ દિવસ

190. એક સંખ્યાને 91 વડે ભાગવામાં આવે ત્યારે 65 શેષ વધે છે. જો તે જ સંખ્યાને 13 વડે ભાગવામાં આવે તો કેટલી શેષ વધશે?

(A) 35
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 0
(D) 11

191. 10 સભ્યોના એક જૂથમાં 5 સભ્યોની સરેરાશ ઉંચાઇ 5.2 ફૂટ છે. જો બાકીના 5 સભ્યોની સરેરાશ ઉંચાઇ 5.6 ફૂટ હોય, તો તે જૂથની સરેરાશ ઉંચાઇ કેટલી થશે?

(A) 5.30 ફૂટ
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 5.24 ફૂટ
(D) 5.25 ફૂટ

192. એક ટ્રેનની ઝડપ 120 કિ.મી./કલાક અને તેની લંબાઇ 240 મીટર છે. તો તેને એક થાંભલાને પસાર કરતા કેટલો સમય લાગશે?

(A) 7.2 સેકન્ડ
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 2.4 સેકન્ડ
(D) 7.8 સેકન્ડ

193. નીચેની શ્રેણીમાં (?) ને સ્થાને કઇ સંખ્યા આવશે?

1, 5, (?), 19, 29, ...

(A) 15.5
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 11
(D) 13

194. એક 6 બાજુના પાસાને ફેંકવામાં આવે છે, તો તેની પર બેકી સંખ્યા આવે તેની સંભાવના કેટલી?

(A) 1/5
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 1/3
(D) 1/4

195. જો બે સંખ્યાનું ગુણનફળ 120 અને તેમના વર્ગોનો સરવાળો 289 હોય તો તે બે સંખ્યાઓ પૈકી મોટી સંખ્યા કઇ હશે?

(A) 24
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 12
(D) 15

196. ₹1400 નું 3.5% ના વ્યાજ દરે 3 વર્ષનું સાદું વ્યાજ કેટલું થશે?

(A) ₹350
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) ₹126
(D) ₹147

197. એક વિક્રેતા 6 ચોકલેટ પ્રતિ 1 રૂપિયાના દરે કેટલીક ચોકલેટ ખરીદે છે. જો તેને 20% નફો મેળવવો હોય તો તેણે પ્રતિ 1 રૂપિયે કેટલી ચોકલેટ વેચવી પડશે?

(A) 3
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 5
(D) 8

198. એક લંબચોરસની પરિમિતી અને તેની પહોળાઈનો ગુણોત્તર 5 : 1 છે. જો તેનું ક્ષેત્રફળ 216 ચો.મી. હોય તો તે લંબચોરસની લંબાઈ કેટલી હશે?

(A) 18 મીટર
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 15 મીટર
(D) 12 મીટર

199. બે સંખ્યાઓ 52 અને 252 નો ગુ.સા.અ. કેટલો થશે?

(A) 13
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) 2
(D) 4

200. ₹25000 નું 12% વાર્ષિક વ્યાજ દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?

(A) ₹6360
(B) દર્શાવેલ પૈકી કોઇ નહીં.
(C) ₹6350
(D) ₹6630